## અમારા સ્ટાફ અને ટ્રસ્ટીઓએ નીચે જણાવેલ વિવિધ વર્કશોપ, પ્રોગ્રામ્સ અને પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો

- દસ્તાવેજીકરણની ટ્રેનીંગ, સેવા રૂરલ, ઝગડિયા.
- એડોલેસન્સ TOT ટ્રેનીંગ, સેવા રૂરલ, ઝગડિયા (ફોટો)
- કાર્યક્ષમ એન. જી. ઓ. મેનેજમેન્ટ ટ્રેનિંગ
- ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ટ્રેનિંગ
- ➢ મેગા હેલ્થ શો ગાંધી સ્મૃતિ હોલ
- ➢ સપોર્ટ ફોરમ મીટીંગ ગ્રામ સેવા ટ્રસ્ટ,ખારેલ ૨૦૧૭-૧૮
- ➢ સપોર્ટ ફોરમ મીટીંગ, ઓળખ ટ્રસ્ટ, વડોદરા ૨૦૧૮-૧૯
- ➢ નવસારી જિલ્લા હેલ્થ ગર્વ.કમિટીની મીટીંગ
- ➢ સ્વૈચ્છિક સંસ્થાઓ માટેનો મોટીવેશન પરિષદ
- ➢ લવ એન્ડ કેર પ્રોગ્રામ ઓછા દરની નોટબુક વેચાણ
- ➢ એડોલેસન્સ પ્રોજેક્ટ માટે DDO શ્રી સુમેર સાહેબ સાથે મીટીંગ
- ➢ ગુજરાત રામકૃષ્ણ વિવેકાનંદ ભાવ પ્રચાર પરિષદ અધિવેશન
- ➢ રાષ્ટ્રિય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો.





નવસારીમાં કાર્યક્ષમ એન. જી. ઓ. મેનેજમેન્ટ ટ્રેનિંગ

**આ સેવાકીય કાર્યોમાં મદદરૂપ થવા દાન આપવા માટેની વિગતો નીચે મુજબ છે.**

| | |
|---|---|
| RAMKRISHNA SAMVEDNA TRUST<br>Bank of Baroda Sitapur, Vansda<br>Ac No. 57590100002609<br>IFSC Code : BARB0SITNAV<br>Zero | Donation is tax exempt under section<br>80-G (5) of the Income Tax Act.1961<br>PAN No. AADTR1993E |

*** દરેક વ્યક્તિને, દરેક પ્રજાને મહાન બનવા માટે ત્રણ બાબતો આવશ્યક છે: ***

(૧) શુભની શક્તિ વિશેની સંપૂર્ણ ખાતરી.

(૨) ઈર્ષ્યા કે આશંકાનો અભાવ.

(૩) જે લોકો સારા થવા કે સારું કરવા પ્રયત્ન કરતા હોય તેમને મદદ કરવી. – **સ્વામી વિવેકાનંદ**

# કામગીરીનો અહેવાલ

**૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮**

**૧ એપ્રિલ ૨૦૧૮ થી ૧૫ માર્ચ ૨૦૧૯**

**રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ**

## પ્રવૃતિઓની ઝલક

- ➢ તરૂણ સ્વાસ્થ્ય અભિયાન
- ➢ બાળકો માટે આરોગ્યલક્ષી શિક્ષણ અન્ય સેવાકીય પ્રવૃતિઓ
- ➢ આંખના સારવાર કેમ્પો
- ➢ દાંત સારવાર અને જનરલ કેમ્પો
- ➢ યુવા સશક્તિકરણ, વ્યસનમુક્તિ અને વ્યવસાયલક્ષી શિક્ષણ અંગે માર્ગદર્શન
- ➢ ગાંધી મેળાઓ, કોમ્પ્યુટર કલાસીસ અને ધાબળા વિતરણ


**રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ**

**કણબીવાડ – સીતાપુર**

**તા. વાંસદા – ૩૯૬૫૮૦, જી. નવસારી(ગુજરાત)**

**મો.નં. 94277 06848, 98251 21967**

**E-mail : rst.vansda@gmail.com**

**Nikunj.desai321@gmail.com**

**રજી.નંબર : ઈ /1787 /નવસારી**


રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ એક સ્વૈચ્છિક સંસ્થા છે. જે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ, તાપી તેમજ મહારાષ્ટ્રનાં નાસિક જીલ્લાના ભૌગોલિક રીતે ડુંગરાળ, આર્થિક, શૈક્ષણિક રીતે પાછળ અને આરોગ્યની સેવાઓની જરૂરિયાતવાળા ગામોમાં નબળા તથા ગરીબ પરિવારના લોકોના સર્વાંગી વિકાસ કરવાના ધ્યેય સાથે કામ કરી રહી છે. આરોગ્યના કાર્યો વલસાડ રક્તદાન કેન્દ્ર ના સહયોગથી કરવામાં આવે છે.

# તરૂણ સ્વાસ્થ્ય અભિયાન

કિશોર- કિશોરીઓને શિબિર દરમિયાન પ્રદર્શન, વિડીયો, રમત-ગમત તથા વાતચીત દ્વારા તરૂણ સ્વાસ્થ્ય શિક્ષણ આપવામાં આવે છે. દરેક કિશોરીઓને ફલાલીન કાપડ, માસિક દરમિયાન સ્વચ્છતાની પત્રિકા તથા કિશોરાવસ્થાની મુંઝવણોની પુસ્તિકા ધરાવતી કીટ આપવામાં આવે છે. યુવાનો માટે વ્યસન મુક્તિ તથા વ્યવસાયલક્ષી શિક્ષણ અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે. આ કામમાં ટેકનીકલ સહયોગ સેવા રૂરલ સંસ્થા (ઝગડિયા, જી.ભરૂચ) આપે છે.

| વર્ષ | શાળાઓમાં | શિબિરોની સંખ્યા | કિશોરોની સંખ્યા | કિશોરીની સંખ્યા | કુલ લાભાર્થી |
|---|---|---|---|---|---|
| 2017-18 | 183 | 263 | 12707 | 22653 | 35360 |
| 2018-19 | 240 | 341 | 10482 | 31317 | 41799 |

- ઘણી શાળાઓમાં ભાઈઓ અને બહેનોની અલગ શિબિર કરવામાં આવે છે.


કિશોરીઓ ફલાલીન કાપડની કીટ સાથે


ડૉ. અમીબેન પ્રજનનતંત્ર વિષે સમજાવી રહ્યા છે.


દરેક કિશોરીઓ 'કિશોરાવસ્થાની મૂંઝવણો' ની પુસ્તિકા અને પેમ્ફલેટ આપવામાં આવે છે.


કિશોરીઓ કિશોરાવસ્થાને લગતા પોસ્ટરોનું પ્રદર્શન જોઈ રહ્યા છે.

# ગાંધી મેળાઓ, કોમ્પ્યુટર કલાસીસ અને ધાબળા વિતરણ

ગાંધી મેળામાં ૨૦૧૭-૧૮ માં વેડછી અને નવસારીમાં અને ૨૦૧૮-૧૯ માં વાંસદામાં <u>સ્વામી વિવેકાનંદજીના સાહિત્ય, પ્રદર્શન અને વેચાણ</u> માટે સ્ટોલો રાખ્યા હતા. તેમાં વેચાણનું કાર્ય સંસ્થાના કાર્યકરોએ કર્યું હતું. અલગ-અલગ સંસ્થાઓમાંથી આવેલા પ્રતિનિધિઓનો પરિચય અને મુલાકાત થઈ હતી. અલગ-અલગ સંસ્થાઓની પ્રવૃતિઓથી માહિતગાર થયા હતા તેમજ રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટની પ્રવૃતિઓથી બીજી સંસ્થાઓને માહિતગાર કર્યા હતા.

વેકેશન દરમ્યાન ૯ થી ૧૨ ધોરણના ૫૦ જેટલા ભાઈ-બહેનોને સ્વામી વિવેકાનંદ કોમ્પ્યુટર ક્લાસમાં કોમ્પ્યુટરની બેઝીક તાલીમ આપવામાં આવે છે.

શિયાળામાં ગયા વર્ષે ૧૯૦ થી વધુ અને આ વર્ષે ૧૨૦ ધાબળાઓ તથા અન્ય કપડાઓનું છેવાડાના ગરીબ પરિવારોને વિતરણ કરવામાં આવ્યું હતું.


પૂજ્ય માતાજી દ્વારા ધાબળાનું વિતરણ


ગાંધી મેળામાં નવસારીના સામાજિક કાર્યકરો સાથે


મિનેશભાઈ ફ્રી કોમ્પ્યુટર કલાસીસ ચલાવી રહ્યા છે.


સ્વામી વિવેકાનંદના પુસ્તકોનું વિશિષ્ટ ડિસ્કાઉન્ટ સાથે પ્રદર્શન અને વેચાણ

# યુવા સશક્તિકરણ, વ્યસનમુક્તિ અને વ્યવસાયલક્ષી શિક્ષણ અંગે માર્ગદર્શન

દર વર્ષે સ્વામી વિવેકાનંદ જન્મજયંતી ૧૨ જાન્યુ. (યુવા દિવસ) ના દિવસે અલગ અલગ શાળાઓમાં રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ દ્વારા વાંસદા તાલુકાની અન્ય સામાજિક સંસ્થાઓ સાથે મળીને જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવે છે. સ્વામી વિવેકાનંદના જીવન સંદેશ અંગેનું પ્રદર્શન અને પુસ્તકોનું વેચાણ, વકૃત્વ સ્પર્ધા, વિડીયો શો તેમજ વ્યસન મુક્તિ અંગેનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. જેમાં દર વર્ષે ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લે છે. વકૃત્વ સ્પર્ધામાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવે છે.

દરેક શાળાઓમાં તરુણ સ્વાસ્થ્યની વાતચીત સાથે <u>સ્વામી વિવેકાનંદ અને વ્યસનમુક્તિ અંગેની વિડીયો બતાવવામાં આવે છે</u> તેમજ વ્યવસાયલક્ષી શિક્ષણ અંગે પણ  માર્ગદર્શન આપવામાં આવે છે.



સ્વામી વિવેકાનંદ જન્મજયંતી ના દિવસે જાગૃતિ રેલી



સ્વામી વિવેકાનંદ વિશેના પોસ્ટરોનું પ્રદર્શન



સ્વામી વિવેકાનંદ જીવન સંદેશ અને વ્યસનમુક્તિ અંગેની વીડિઓ જોઇ રહેલા વિદ્યાર્થીઓ



વ્યસનમુક્તિ અંગેની પ્રતિજ્ઞા લઇ રહેલા વિદ્યાર્થીઓ

# બાળકો માટે આરોગ્યલક્ષી શિક્ષણ અન્ય સેવાકીય પ્રવૃતિઓ

૧ થી ૮ ધોરણની પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે આરોગ્યલક્ષી સ્વચ્છતા રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં "મીનાની ત્રણ વાતો" ની વિડીયો બતાવવામાં આવે છે. ડાંગ જીલ્લાના વઘઈ તાલુકામાં ૧૮ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે જુદા જુદા પ્રયત્નો થઇ રહ્યા છે. આ ઉપરાંત દર વર્ષે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરની સારી ગુણવત્તાવાળી, ઓછા દરની નોટબુક તથા શૈક્ષણિક સાધનસામગ્રીનું રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ, સીતાપુર દ્વારા અંતરિયાળ ગામોની શાળાઓમાં વિતરણ થાય છે.

| | શાળાઓમાં શિબિરની સંખ્યા | શિબિરમાં બાળકોની સંખ્યા |
|---|---|---|
| 2017-18 | 108 | 16812 |
| 2018-19 | 194 | 24565 |



તા.ધરમપુર આસુરા પ્રા.શાળાના બાળકો સ્વચ્છતા અંગેની વિડીયો જોઈ રહ્યા છે.



અંબાચ પ્રા.શાળાના બાળકો સ્વચ્છતા અંગેની પ્રતિજ્ઞા લઈ રહ્યા છે.



પ્રા.શાળાના બાળકો વિડીયો જોઇ રહ્યા છે.



બાળકોને સ્વચ્છતા વિશે સમજાવી રહ્યા છે.

## આંખના સારવાર કેમ્પો

રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ દ્વારા શુભમ્ નેત્રસેવા ટ્રસ્ટના સહયોગથી આંખની સારવારના કેમ્પો દર મહિનાના ત્રીજા રવિવારે રાખવામાં આવે છે. તેમાં સંસ્થાના ટ્રસ્ટી ડૉ. રોહનભાઈ ચરીવાલા (આંખના નિષ્ણાંત) અને દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ, માંડવીની ટીમ વડે આંખના દર્દીઓની તપાસ કરવામાં આવે છે. કેમ્પના આંખના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને તેજસ હોસ્પિટલ, માંડવી લઈ જઈને આગળની સારવાર કરવામાં આવે છે.

આંખના કેમ્પોની વિગતો નીચે મુજબ છે.

| | કુલ આંખના કેમ્પો | કુલ OPD | કુલ ચશ્માનું વિતરણ | દવાઓ આપી | ઓપરેશનની જરૂરિયાતવાળા કુલ દર્દીઓ | મોતિયાના ઓપરેશન | આંખના અન્ય ઓપરેશન |
|---|---|---|---|---|---|---|---|
| 2017-18 | 5 | 2597 | 1606 | 483 | 263 | 153 | 18 |
| 2018-19 | 13 | 2338 | 1048 | 373 | 298 | 206 | 19 |



રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. રોહનભાઈ આંખની તપાસ કરી રહ્યા છે.



આંખના ઓપરેશન માટે ગામડાઓમાં જઈ દર્દીઓને સમજાવી રહેલા શ્રી નિકુંજભાઈ



કેમ્પમાં આંખોના ચશ્માના નંબર તપાસી રહ્યા છે.



કેમ્પ પછી ઓપરેશન માટે દિવ્ય જ્યોતિ ટ્રસ્ટની બસમાં માંડવી જઈ રહેલા દર્દીઓ

## દાંતની સારવાર અને જનરલ કેમ્પો

અઠવાડિયામાં એકવાર દાંતના કેમ્પ માટે આર્ચ સંસ્થા, ધરમપુરથી ડો.દિનેશભાઈ (દાંતના નિષ્ણાત USA) તથા અન્ય ડોક્ટર દાંતની તમામ પ્રકારની આધુનિક સારવાર માટેના સાધનોથી સજ્જ એ.સી. બસમાં આવે છે.

જનરલ કેમ્પો રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુરના સહયોગથી કરવામાં આવે છે અને આ સાથે પ્રોજેક્ટ વિસ્તારની સગર્ભા અને ધાત્રી બહેનોને એનિમિયાની સારવાર તેમજ આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે. સિકલસેલ એનિમીયા, કુટુંબ નિયોજન, વ્યસન મુક્તિ જેવા અગત્યના મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવી રહ્યા છીએ.

| વર્ષ | દાંતના કેમ્પો | જનરલ કેમ્પો | કુલ કેમ્પના લાભાર્થીઓ | |
|---|---|---|---|---|
| | | | દાંતના | જનરલ |
| 2017-18 | 32 અલગ અલગ ગામોમાં | 7 | 842 | 1023 |
| 2018-19 | 9 અલગ અલગ ગામોમાં | કેમ્પમાં મદદરૂપ થવું | 196 | 2482 |




ઊંડાણના ખાટાઆંબા ગામમાં દર્દીઓ સારવાર માટે આવ્યા છે.



ડૉ. દિનેશભાઈ કેમ્પમાં દાંતની સારવાર કરી રહ્યા છે.




જનરલ કેમ્પમાં આવેલા દર્દીઓ રજીસ્ટ્રેશન કરાવી રહ્યા છે.



જનરલ કેમ્પમાં રાજચંદ્ર હોસ્પિટલમાંથી ડૉ. કુસુમબેન બહેનોની તપાસ કરી રહ્યા છે.